બિગ મેક્સ

દુનિયા નો સૌથી મહાન જાસૂસ



કિન પ્લાટ

ચિત્ર : રોબર્ટ લોપશાયર



બિગ મેક્સ

બિગ મેક્સ

દુનિયા નો સૌથી મહાન જાસૂસ



કિન પ્લાટ

ચિત્ર : રોબર્ટ લોપશાયર





બિગ મેક્સ દુનિયા નો સૌથી મહાન જાસૂસ હતો.

આ વાત બધા જાણતા હતા.

"જલ્દી આવ," રાજા એ બૂમ પાડી.

"કોઈએ જંબો - મારો ઈનામી હાથી ચોરી લીધો છે."



પૂકા-પૂકા ના રાજા ને એ વાત ની ખબર હતી.

એણે બિગ મેક્સ ને ફોન કરીને બોલાવ્યો.





"ચિંતા નહીં કરો," બિગ મેક્સે કહ્યું.

"હું જલ્દી આવીશ.

અને હું તમારા હાથી ને શોધી કાઢીશ."

"શું તું વિમાન કે વહાણ થી આવીશ?"

રાજા એ પૂછ્યું.

"મારી છત્રી થી," બિગ મેક્સે કહ્યું.

બિગ મેક્સે ઊંડો શ્વાસ લીધો.

અને એની છત્રી માં ફૂંક મારી.

છત્રી હવા થી ભરાઈ ગઈ.

બિગ મેક્સ આકાશ માં ઊડયો.



રસ્તા માં એને થોડા પક્ષીઓ મળ્યા.

"અમે શિયાળો આવે એ પહેલા દક્ષિણ તરફ ઉડી રહ્યા છીએ," પક્ષીઓએ કહ્યું.

"તું અહીં આકાશ માં શું કરી રહ્યો છે?"

પક્ષીઓએ પૂછ્યું.

"હું એક ખોવાયેલા હાથી ને શોધી રહ્યો છું,"

બિગ મેક્સે કહ્યું.


"તને એ અહીં નહીં મળે," પક્ષીઓ માં થી એકે કહ્યું.

"પણ નિઃસંકોચ આસપાસ તપાસ કર."

"આભાર," બિગ મેક્સે કહ્યું.







એ એક વહાણ ની ઉપર થી ઉડયો.

"મને કંઈ બળવાની ગંધ આવી રહી છે," બિગ મેક્સે કહ્યું.

"માફ કરશો, અમે એમાં તમારી કોઈ મદદ નહીં કરે શકીયે.

કારણકે પક્ષીઓ સૂંઘી નથી શકતા," પક્ષીઓએ કહ્યું.

બિગ મેક્સ વહાણ તરફ નીચે ઉડયો.

એણે કેપ્ટન સાથે વાત કરી.

"માફ કરજો," બિગ મેક્સે કેપ્ટન ને કહ્યું.


"મને કંઈ બળવાની વાસ આવે છે."

કેપ્ટન હસ્યા.

"હા, હા," એણે કહ્યું.

"જુઓ, એ ચીમનીમાંથી નીકળતા ધુમાડા ની વાસ છે."





"ના, એ ધુમાડો તમારા ખિસ્સા માં થી નીકળે છે,"

બિગ મેક્સે કહ્યું.

"મારી પાઇપ!" કેપ્ટને રાડ પાડી.

કેપ્ટને તરત સળગતી પાઇપ ને

એના ખિસ્સા માં થી બહાર કાઢી.

"હું ભૂલી ગયો કે મારી પાઇપ હજી પણ સળગી રહી હતી.

તું ખરેખર એક મહાન જાસૂસ છો."

"હું એક સારો જાસૂસ બનવાની કોશિશ કરી રહ્યો છું,"

બિગ મેક્સે કહ્યું.



બિગ મેક્સ આગળ વધ્યો.

વરસાદ પડવાનો ચાલુ થયો.

"આ એક સારી વાત છે કે હું

છત્રી થી સફર કરું છું," બિગ મેક્સે કહ્યું.





પૂકા-પૂકા પાસે પહોંચ્યા પછી

બિગ મેક્સ નીચે ઉતર્યો.

રાજા એની રાહ જોતા હતા.

"આ યાત્રા કરવાની કેટલી શાનદાર રીત છે,"

રાજા એ કહ્યું.

"એને લીધે જ હું અહીં પહોંચ્યો છું,"

બિગ મેક્સે કહ્યું.



રાજા બિગ મેક્સ ને એના મહેલ માં લઈ ગયા.

"જો તું જંબો ને શોધી લઈશ

તો હું તને મારુ બધું જ આપી દઈશ," રાજા એ કહ્યું.

"હું તમારા હાથી ને જરૂર શોધી લઈશ," બિગ મેક્સે કહ્યું.

રાજા એ બિગ મેક્સ ને માણેક

થી ભરેલો એક રૂમ બતાવ્યો.

એણે બિગ મેક્સ ને નીલમણિ

થી ભરેલો એક રૂમ બતાવ્યો.


એણે એને સોના થી ભરેલો એક રૂમ બતાવ્યો.

"શું તારું મહેનતાણું બહુ વધારે છે?"

રાજા એ પૂછ્યું.

"એટલું વધારે પણ નથી,"

બિગ મેક્સે કહ્યું.



"જંબો ને કોણ ચોરવા ચાહે?"

બિગ મેક્સે પૂછ્યું.

"દરેક વ્યક્તિ," રાજા એ કહ્યું.

"કારણકે જંબો દુનિયા નો સૌથી શ્રેષ્ઠ હાથી છે."

"જંબો ની ઉમર કેટલી છે?"

"એ કાલે ચાર વર્ષ નો થઈ જશે,"

રાજા એ કહ્યું.

"આહ!" બિગ મેક્સે કહ્યું.

"શું આ કોઈ પુરાવો છે?" રાજા એ પૂછ્યું.

"આપણે જોઈશું," બિગ મેક્સે કહ્યું.

"શું જંબો અહીં ખુશ હતો?"

બિગ મેક્સે પૂછ્યું.



"એ અહીં બહુ ખુશ હતો," રાજા એ કહ્યું.

"એક અઠવાડિયા પહેલા સુધી."

"પછી શું થયું?"

બિગ મેક્સે પૂછ્યું.

"પછી જંબો ઉદાસ થઈ ગયો," રાજા એ કહ્યું.

"એ મારી પાસે આવ્યો છે,

ત્યાર થી એ પહેલી વાર ઉદાસ થયો છે,"


રાજા એ કહ્યું.

"તમે એને ક્યારે લાવ્યા?"

બિગ મેક્સે પૂછ્યું.

"લગભગ એક વર્ષ પહેલા," રાજા એ કહ્યું.





"તમે છેલ્લે જંબો ને જ્યાં

જોયો હતો ત્યાં મને લઈ જાવ," બિગ મેક્સે કહ્યું.

રાજા એને બહાર લઈ ગયા.

એણે પ્રવેશદ્વાર પર લાગેલું એક તાળું ખોલ્યું.

"અહીં," રાજા એ કહ્યું, "આ આંગણામાં."



બિગ મેક્સે ચારે બાજુ જોયું.

એણે ઊંચી દીવાલો તરફ જોયું.

"હાથી દીવાલ પર ચઢી ન શકે,"

બિગ મેક્સે કહ્યું.

બિગ મેક્સે દરવાજા તરફ જોયું.

"શું દરવાજો બંધ હતો?" એણે પૂછ્યું.


"હા," રાજા એ કહ્યું.

"અને એની એકમાત્ર ચાવી મારી પાસે હતી."

"હમ્મ," બિગ મેક્સે કહ્યું.

"હાથી, તાળું ખોલી ન શકે."





બિગ મેક્સે જમીન તરફ જોયું.

"જંબો ની ચોરી નથી થઈ!" એણે કહ્યું.

"તને એ કેવી રીતે ખબર પડી?" રાજા એ પૂછ્યું.

"જંબો સિવાય અહીં બીજા કોઈ ના પગલા

ની છાપ નથી," બિગ મેક્સે કહ્યું.

"તો એ બહાર કેવી રીતે ગયો હશે?" રાજા એ
પૂછ્યું.

"આપણે જોઈશું," બિગ મેક્સે કહ્યું.

"મને એક પુરાવો દેખાય છે," બિગ મેક્સે કહ્યું.

"જમીન ભીની છે. શું વરસાદ આવ્યો હતો?"

"પૂકા-પૂકા માં હંમેશા વરસાદ આવે છે,"

રાજા એ કહ્યું.

"કદાચ તું એટલો સારો જાસૂસ નથી."

"આપણે જોઈશું," બિગ મેક્સે કહ્યું.



બિગ મેક્સે નીચે જોયું.

એ જમીન પર બેઠો હતો.

"અહીં બરફ બહુ તેજી થી ઓગળે છે,"

બિગ મેક્સે કહ્યું.

બહુ ગરમી હતી.

બિગ મેક્સ વિચાર કરવા બેસી ગયો.

"કેટલો સરસ વિચાર છે," એણે કહ્યું.

"ગરમ દિવસો માં બેસવા માટે બરફ ની ખુરશી."

"જંબો ને પણ બરફ પર બેસવું ગમતું હતું," રાજા એ કહ્યું.

:એટલે હું હંમેશા અહીં ઘણો બરફ

રખાવતો હતો."

"પણ મને ઘણો બધો બરફ દેખાતો નથી,"

બિગ મેક્સે કહ્યું.

"અહીં ફક્ત નાના-નાના ટૂકડા જ છે."



"દિવાલ ની બીજી બાજુ શું છે?" બિગ મેક્સે પૂછ્યું.

"એક ઊંચી ટેકરી," રાજા એ કહ્યું.

"હા!" બિગ મેક્સે કહ્યું.

"હવે મને ખબર છે કે જંબો કેવી રીતે પલાયન થયો.

આપણે દિવાલ ની બહાર જોવું જોઈએ," બિગ મેક્સે કહ્યું.


"જલ્દી કરો!"





એ જલ્દી થી દિવાલ ની બહાર ગયા.

એ ઉતાવળ કરીને ટેકરી ની નીચે ઉતર્યા.



"હા!" બિગ મેક્સે કહ્યું.

"હું સાચો હતો. જરા જુઓ, અહીં થોડા નિશાન છે."

"તું સાચો છે," રાજા એ કહ્યું.

"આ જંબો ના પગ ના નિશાન હોઈ શકે છે,"

બિગ મેક્સે કહ્યું.

"આપણે એના પગલાં ના નિશાન નું અનુસરણ કરવું જોઈએ."

એ પદચિહ્ન નું અનુસરણ કરવા લાગ્યા.

"જો આપણને ખબર પડે કે જંબો ક્યાં ગયો છે,"

બિગ મેક્સે કહ્યું,

"તો આપણને એ પણ ખબર પડશે કે એ ત્યાં શું કામ ગયો છે."

"હું સમજી ગયો," રાજા એ કહ્યું.



"હા! બિગ મેક્સે કહ્યું.

"એક વધારે સંકેત જુઓ.


મને થોડા આંસુ દેખાય છે."

રાજા એ સંકેત જોયો.

"મને ખબર નથી કે જંબો એટલો દુઃખી કેમ હતો,"

રાજા એ કહ્યું.

"આપણે જોઈશું," બિગ મેક્સે કહ્યું.



"જો આપણે જાણી શકીયે કે જંબો શું કામ ગયો,"

બિગ મેક્સે કહ્યું, "તો આપણે એ પણ જાણી

શકીશું કે એ ક્યાં ગયો હશે."

"હું સમજી ગયો," રાજા એ કહ્યું.


"તું એક મહાન જાસૂસ છે."


"જોવું અને વિચારવું," બિગ મેક્સે કહ્યું,

"કોઈ સમસ્યા નો ઉકેલ લાવવાનો એ જ રસ્તો છે."

એમણે પદચિહ્ન નું અનુસરણ કર્યું.

એમણે આંસુઓ નું પણ અનુસરણ કર્યું.





એ આખી રાત ચાલ્યા.

એ બીજા દિવસે પણ ચાલ્યા.

નિશાન ઉપર તરફ જઈ રહ્યા હતા.

એ એનું અનુસરણ કરતા રહ્યા.

અચાનક બિગ મેક્સ રોકાઈ ગયો.



"ઉભા રહો," બિગ મેક્સે કહ્યું.

"કંઈક ગરબડ છે.

આપણે ખોટા રસ્તા પર ચાલી રહ્યા છીએ.

"જલ્દી કરો!" એ ટેકરી થી નીચે ઉતર્યા.

એ તેજી થી ચાલ્યા.

ત્યાં એમણે એક મોટો અવાજ સાંભળ્યો.

"આઆઆરઘ!"

"એ શું હતું?" રાજા એ પૂછ્યું.

"વારુ," બિગ મેક્સે કહ્યું.

આપણે વિચારીયે. એ હાથી ન હતો.

હાથી નો અવાજ એવો નથી હોતો.

એ આઆઆઆરઘ! નથી બોલતા!"



બિગ મેક્સે કહ્યું, "જેવું મેં વિચાર્યું હતું.

આ હાથી ના આંસુ નથી.

એ મગરમચ્છ ના આંસુ છે.

એ હાથી ના આંસુ કરતા

મોટા હોય છે."

"આપણે વિચાર કરીયે," બિગ મેક્સે કહ્યું.

"આ રસ્તા પર લાંબા તીક્ષ્ણ સફેદ દાંત છે.


એને લાંબી લાલ જીભ છે.

હાથી ના આંસુ ને બદલે

મગર ના આંસુ છે.

એટલે એ એક મગરમચ્છ જ છે."





બિગ મેક્સે પાછળ ફરીને કહ્યું,

"હું સાચો હતો. એ મગરમચ્છ નીકળ્યો,

તમે પોતે જોઈ લ્યો."

"હું તારી વાત પર ભરોસો કરું છું,"

રાજા એ કહ્યું.

"એ સારી વાત છે કે હું છત્રી લઈને આવ્યો હતો,"

બિગ મેક્સે કહ્યું.

"હવે એ મને બટકું નહીં ભરી શકે."



બિગ મેક્સે મગરમચ્છ ને પાણી માં ધકેલી દીધો.

પછી એણે એની છત્રી કાઢી.

"તેં એ ખોટા સંકેત થી

મને લગભગ બેવકૂફ બનાવ્યો હતો,"

એણે મગરમચ્છ ને કહ્યું.

"મને બહુ અફસોસ છે," મગરમચ્છે કહ્યું.

અને તરત એની આંખ માં થી એક મોટું આંસુ ટપકી પડયું.

"જો, એ રડી રહ્યો છે," રાજા એ કહ્યું.

"એનો અર્થ છે કે મગરમચ્છ ખેદ વ્યક્ત કરી રહ્યો છે."

"મગરમચ્છ ના આંસુ તમને મૂર્ખ બનાવી શકે છે," બિગ મેક્સે કહ્યું.

"એ એટલે રડી રહ્યો છે કારણકે આપણે

એનું રાત નું ભોજન નથી બન્યા."

"મને એ યાદ ન કરાવો," મગરમચ્છે કહ્યું.

ત્યારબાદ એ થોડું વધારે રડયો.



બિગ મેક્સ અને રાજા સાચા

રસ્તા પર પાછા ફર્યા.

એ જંગલ માં થઈને ચાલ્યા.

એમણે ઘણો શોરબકોર
સાંભળ્યો.

અવાજ વધતો ગયો.

જમીન હલવા લાગી.

વૃક્ષ હલવા લાગ્યા.

બિગ મેક્સ

અને પૂકા-પૂકા ના રાજા પણ હલી ગયા.

"આપણે પાછા ફરવું જોઈએ," રાજા એ કહ્યું.

"આ એક ભૂકંપ છે."

"નહીં," બિગ મેક્સે કહ્યું.

"એ ભૂકંપ નથી. એ એક પાર્ટી છે."

"એક પાર્ટી?" રાજા એ પૂછ્યું.

"હાથીઓ ની પાર્ટી," બિગ મેક્સે કહ્યું.

એણે વૃક્ષો ની વચ્ચે થી ઈશારો કર્યો.


"જુઓ," બિગ મેક્સે કહ્યું.


ત્યાં ઘણા હાથીઓ હતા.

બધા હાથીઓ નાચી રહ્યા હતા.

એ એટલા જોરથી નાચી રહ્યા હતા

કે જમીન હલી રહી હતી.





"આ જંબો ના જન્મદિવસ ની પાર્ટી છે,"

બિગ મેક્સે કહ્યું.

"એટલે એ જતો રહ્યો.

એનો જન્મદિવસ એના

પરિવાર સાથે મનાવવા."

રાજા દોડીને જંબો પાસે ગયા.

"જન્મદિવસ ની શુભેચ્છા, જંબો," રાજા એ કહ્યું.

"તમે મને કેવી રીતે શોધ્યો?" જંબો એ પૂછ્યું.

"આ સવાલ બિગ મેક્સ ને પૂછ," રાજા એ કહ્યું.

"જો એમાં જંબો પણ છે," રાજા એ કહ્યું.

"હું એને જોઈ શકું છું. એ પણ નાચી રહ્યો છે."

બિગ મેક્સે સ્મિત કર્યું.

"એક બીજો કેસ ઉકલી ગયો."




"તું ક્યાં ગયો છે અને શું કામ ગયો છે એ જાણવા


અમે તારું અનુસરણ કર્યું,"

બિગ મેક્સે કહ્યું.

"હું હજી પણ એ જાણવા માંગુ છુ કે

એ ત્યાંથી બહાર કેવી રીતે નીકળ્યો," રાજા એ કહ્યું.





"ત્યાં બરફ ના મોટા ચોસલા હતા," બિગ મેક્સે કહ્યું.


"જંબો એ બરફ ના ચોસલા એક ની ઉપર એક રાખ્યા.

એણે એની નિસરણી બનાવી.

એણે પહેલા તો મને મૂર્ખ બનાવ્યો,

કારણકે ત્યાં કોઈ નિસરણી દેખાતી ન હતી.

ત્યાં ફક્ત થોડો ઓગળતો બરફ હતો."



"હવે મને ખબર છે કે તું કેવી રીતે ગયો હતો.

હવે મને ખબર છે કે તું ક્યાં ગયો હતો.

હવે મને ખબર છે કે તું કેમ ગયો હતો," રાજા એ કહ્યું.

"પણ મને એ ખબર ન હતી કે

જન્મદિવસ ની પાર્ટી આટલી મહત્વપૂર્ણ હોય છે."

"હાથીઓ માટે જન્મદિવસ ની પાર્ટી બહુ જ

મહત્વપૂર્ણ હોય છે," બિગ મેક્સે કહ્યું.

"હાથી એક સાથે રહેવાનું પસંદ કરે છે,

ખાસ કરીને જન્મદિવસ પર."

"જંબો બરફ ની નિસરણી પર ચઢ્યો.

પછી એ દીવાલ ની બીજી બાજુ ચાલ્યો ગયો.

દીવાલ ની પાછળ એક ઊંચી ટેકરી હતી.

એ ટેકરી પરથી નીચે ઉતર્યો.

"હા," જંબો એ કહ્યો. "મેં એવું જ કર્યું હતું."




"મને અફસોસ છે કે મને આ વાત ની ખબર ન હતી," પૂકા-પૂકા ના રાજા એ કહ્યું.

"આવતા વર્ષે હું તારા સમગ્ર પરિવાર ને

મહેલ માં જન્મદિવસ ની પાર્ટી માટે આમંત્રિત કરીશ.

એ રીતે આપણે બધા એક સાથે જન્મદિવસ

માં સાથે રહી શકીશું."





"તું બહુ સારો જાસૂસ છે,"

રાજા એ બિગ મેક્સ ને કહ્યું.

"જંબો ને શોધવાના ઇનામ તરીકે

તું મારા ખજાનામાં થી કંઈ પણ લઈ શકે છે."

"જો તમને વાંધો ન હોય," બિગ મેક્સે કહ્યું,

"તો હું જંબો ની જન્મદિવસ ની કેક નો

એક ટુકડો લેવાનું પસંદ કરીશ."

"મને એમાં કોઈ વાંધો નથી," રાજા એ કહ્યું.

જંબો એ બિગ મેક્સ અને રાજા ને કેક ના ટૂકડા આપ્યા.

"વાહ, કેટલી સરસ કેક છે," રાજા એ કહ્યું.

એણે બીજો ટુકડો ખાધો.

અને પછી ત્રીજો.

"બહુ ન ખાઓ," જંબો એ કહ્યું.

"નહીં તો હું તમને પાછો પૂકા-પૂકા


નહીં લઈ જઈ શકું."

પછી રાજાએ કેક ખાવાનું બંધ કર્યું.

"જન્મદિવસ ની શુભકામના, જંબો," રાજા એ કહ્યું.

"જન્મદિવસ ની શુભકામના, જંબો,"

જંબો ના પરિવારે કહ્યું.





"જન્મદિવસ ની શુભકામના, જંબો,"

બિગ મેક્સે કહ્યું.

એણે એક ઊંડો શ્વાસ લીધો.

એણે એની છત્રી માં ફૂંક મારી.

"આવજો," દુનિયા ના સૌથી મહાન જાસૂસ

બિગ મેક્સે કહ્યું.

સમાપ્ત